ગાંધીનગર સમાચાર
તા. ૫-૭-૨૦૧૪, શનિવાર

## તંત્રી સ્થાનેથી....

### માતા વૈષ્ણોદેવી–કટરાથી મોદીની વિકાસયાત્રાનો શુભારંભ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કટરા રેલ્વે સ્ટેશનના ઉદ્‌ઘાટન અને જમ્મુ-કટરા વચ્ચે દોડનારી 'શ્રી શક્તિ એક્સપ્રેસ' ને લીલી ઝંડી આપતાં ઘણી મુદ્રાની વાતો કરી. એમણે જમ્મુ-કાશ્મીરની પ્રજાને ખાતરી આપી કે તેઓ પ્રજાનું દિલ જીતવા આવ્યા છે. શરૂઆત જ પવિત્ર સમજાનના ઉલ્લેખ સાથે કરવાની મોદીની સદ્‌ભાવનાનો પણ પરિચય મળી ગયો. ઉધમપુરથી કટરા વચ્ચેનો દુર્ગમ રેલ માર્ગને બનતાં દસ વર્ષનો સમય નીકળી ગયો છે. મોટા ભાગનું કામ યુપીએ સરકારના કાર્યકાળમાં સંપન્ન થયું હોવા છતાં એના ઉદ્‌ઘાટનનું શ્રેય નરેન્દ્ર મોદીને મળ્યું તે એક રીતે જોતાં માતા વૈષ્ણોદેવીની જ કૃપા ગણાય. અટલબિહારી વાજપેયીએ દેશના અન્ય ભાગો સાથે જમ્મુ-કાશ્મીરને રેલ માર્ગે જોડવાનો શુભારંભ કર્યો હતો. જે દસ વર્ષ પછી મોદી સરકારના પ્રારંભકાળમાં પરિણામલક્ષી બનતાં હવે કાશ્મીરના યુવાન મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લાએ હાજર રહીને પ્રદેશને વિકાસના રાજમાર્ગ પર મૂકી આપનાર અગાઉની વાજપેયી તેમજ મનમોહન સરકારનો પણ આભાર માન્યો હતો. જમ્મુનો વિકાસ કટરા-ઉધમપુર લાઈન શરૂ થતાં એવરોધાશે નહીં. એની મુખ્યમંત્રી અને વડાપ્રધાન લાઈન શરૂ થતાં અવરોધાશે નહીં એની મુખ્યમંત્રી અને વડાપ્રધાન બેઉએ પ્રજાને ખાતરી આપી હતી. વડાપ્રધાને કટરાથી બનિહાલ સુધીની રેલ્વે લાઈન માટેની મુખ્યમંત્રીની માગણીનો પણ સ્વીકાર કર્યો હતો. અત્યારે કટરાના નવનિર્મિત રેલ્વે સ્ટેશનથી કાશ્મીર જવા માટે વચ્ચે બનિહાલ સુધી બસમાં જવા માટેની ટિકીટ પણ ટ્રેનની ટિકીટ સાથે જ મળે છે. બનિહાલથી શ્રીનગર જવા માટે ટ્રેન સેવા ઉપલબ્ધ છે જ. ધીરે ધીરે જમ્મુ કાશ્મીર સમસ્તને રેલ માર્ગે જોડવાની યોજના છે. વળી વડાપ્રધાન તો હિમાલયની ગોદમાં વસેલાં રાજયો માટે વિશિષ્ટ સંયુક્ત વિકાસ યોજના પણ વિચારી રહ્યાં છે. કટરા રેલવે સ્ટેશનને ઈકોફ્રેન્ડલી બનાવવા એને સૌર ઊર્જાથી સજ્જ કરવાનું એમનું સૂચન પણ રેલવે તંત્રે સ્વીકારી લીધું છે. મોદી પાસે વિકાસનું અનોખું 'વિઝન' છે, જેનો લાભ હવે ગુજરાત બહાર સમગ્ર રાષ્ટ્રને પ્રાપ્ત થઈ રહ્યો છે. જમ્મુ-કાશ્મીર વિશેની વિવાદાસ્પદ કલમ ૩૭૦ નો ન તો મોદીએ ઉલ્લેખ કર્યો કે ન એની ચર્ચા મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લાએ છેડી. અત્યંત સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં મોદીએ શ્રી શક્તિ એક્સપ્રેસને લીલી ઝંડી આપી તે ભવિષ્યમાં જમ્મુ-કાશ્મીરને બાકીના ભારત સાથે સહૃદતાપૂર્વક જોડવાની શુભચેષ્ટા જ લેખાશે. પીએમઓમાં રાજયકક્ષાના મંત્રી તરીકે ફરજ બજાવતા જમ્મુના સાંસદ ડૉ. જિતેન્દ્ર સિંહે હોદ્દો ધારણ કરતાંની સાથે ૩૭૦મી કલમ રદ કરવા - એ વિશે ચર્ચા કરવા આહ્‌વાન કર્યું હતું, જેથી ઉમર અબ્દુલ્લા સહિત જમ્મુ-કાશ્મીરના તમામ પ્રમુખ નેતાઓએ નારાજગી દર્શાવી હતી. મોદીને એ નારાજગીનો જમ્મુ કાશ્મીર યાત્રા ટાણે પરચો ન મળ્યો, એટલા તેઓ નસીબદાર. જમ્મુ-કાશ્મીર વિકાસ ઝંખે છે. રેલવે એ વિકાસનો રાજમાર્ગ છે. મોદીએ જમ્મુ-કાશ્મીર માટે એ રાજમાર્ગ ખુલ્લો મુકીને હવે પછી ત્યાંની પ્રજા ભારત સાથે અભિન્નપણે જોડાઈને પોતાનું ઊજળું ભવિષ્ય જાતે જ નક્કી કરી શકે, એવી ભૂમિકા રચી આપી છે. જો કે પાડોશી દેશના પેટમાં જરૂર તેલ રેડાયું છે. પાકિસ્તાન કાશ્મીરને ભારતનું અભિન્ન અંગ માનવા હરગિજ તૈયાર નથી તો વળી ચીન પણ કાશ્મીરના લડાખ તેમજ ઉત્તરપૂર્વના અરૂણાચલ પ્રદેશને પોતાના નકશામાં દર્શાવી ભારતના વહીવટીતંત્રની શિરોવેદના વધારવા પ્રયત્નશીલ છે. આવી પ્રતિકૂળતાઓને નજરઅંદાજ કરીને વડાપ્રધાને એમની 'હાથી ચલત હૈ અપની ગત મેં' વાળી કૂટનીતિ મુજબ વૈષ્ણોદેવીના જ આશીર્વાદ લઈને ચૂંટણી પ્રચાર આરંભેલો એમ રાષ્ટ્રની વિકાસકૂચ પણ આરંભી છે. આપણે એમની આ વિકાસયાત્રાની સફળતા માટે હાર્દિક શુભેચ્છા વ્યક્ત કરીએ.

## સે-૫ પ્રેરણા વિદ્યાલયમાં વાલી મિટીંગ યોજાઈ

ગાંધીનગર, તા.૪
સેકટર-૫માં આવેલ પ્રેરણા વિદ્યાલય ખાતે વાલી મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બોર્ડની પરીક્ષાને અનુલક્ષીને માહિતી આપવામાં આવી હતી.

આવકાર એજયુકેશન ટ્રસ્ટ દ્વારા સેકટર-૫માં પ્રેરણા વિદ્યાલય ચલાવવામાં આવે છે. સ્કુલમાં વિદ્યાર્થીઓના ભવિષ્યને લઈને એક વાલી મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. મિટીંગમાં ધોરણ-૧૦ બોર્ડની પરીક્ષા અને વિષય પસંદગી અંગે વિસ્તૃતમાં માહિતી આપવામાં આવી હતી.

તેમજ શાલાના આચાર્ય્ દવારા રાઈટ ટુ એજયુકેશન એકટની સમજણ આપવામાં આવીહતી. સાથે સાથે બાળ સુરક્ષાને લગતી કાયદાકીય માહિતી આપવામાં આવી હતી.

## સંકલનના અભાવે કોમ્પ્યુટર એજ્યુકેશન પ્રોગ્રામ સ્થગિત

અમદાવાદ, તા.૦૪
ગ્રાન્ટેબલ માધ્યમિક શાળાઓમાં લાખોના ખર્ચે કોમ્પ્યુટરો મુકાયા હતા પરંતુ પછી કો-ઓર્ડિનેટરોના સંકલનના અભાવે અસંખ્ય શાળાઓમાં કોમ્પ્યુટર રૂમોમાં ધુળ ખાઈ રહ્યા હોવાનું જાણવા મળ્યું છે.

શિક્ષણ અને શાળાઓ જગતની કોમ્પ્યુટર ક્રાંતિ સાથે જોડવા એન સતત અપડેટ રાખીને વિદ્યાર્થીઓને તેનો લાભ આપવા માટે રાજ્ય સરકાર દ્વારા નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ફર્મેશન એન્ડ ટેકનોલોજીની સહાયથી પ્રત્યેગ ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓને ૧૦-૧૦ કોમ્પ્યુટર યુનિટ, એક વિશાળકાય એલસીડી, પાવર પ્રેઝન્ટેશન માટેનું પ્રોજેક્ટર અને દરેક વિષયનાં સોફ્ટવેર પણ આપવામાં આવ્યા હતા. આ સમગ્ર પદ્ધતિ માટે શિક્ષકોને તાલીમ આપવા વખતો વખત ઉભી થતી સમસ્યાઓના નિરાકરણ તથા કોમ્પ્યુટર વગેરેની સતત સર્વિસ થતી રહે તે માટે સપ્તાહમાં એકવાર એક કો-ઓર્ડિનેટર શાળાની મુલાકાતે આવે તેવું નક્કી કરવામાં આવ્યું હતુ પણ એક અગ્રણી શાળાના આચાર્યના જણાવ્યા મુજબ આ કો-ઓર્ડિનેટરો શાળામાં આવતા જ નથી. પરિણામે કોમ્પ્યુટરનો લાભ લેવાતો નથી. સરકારનો ઈન્ફર્મેશન કોમ્યુનિકેશન એન્ડ ટેકનોલોજી પ્રોજેક્ટને રીત લગભગ અભરાઈએ ચડાવી દેવામાં આવ્યો છે. શાળાઓના પ્રતિવર્ષે થતા ઈન્સ્પેકશન દરમિયાન શિક્ષકોએ શિક્ષણકાર્યમાં કોમ્પ્યુટરનો કેટલો ઉપયોગ કર્યો તેની નોંધ પણ કરવામાં આવતી નથી. જેના કારણે કોમ્પ્યુટરના માધ્યમથી શિક્ષણ આપવા માટે શરૂ કરાયેલ આ પ્રોજેક્ટ હાલ બંધ હાલતમાં છે જ્યારે લાકો રૂપિયાના ખર્ચે શાળાઓને ફાળવેલ કોમ્પ્યુટર, એલસીડી, પાવર પ્રેઝન્ટેશન પ્રોજેક્ટર અને સોફ્ટવેરો શાળાઓની બંધ રૂમોમાં ધુળ ખાઈ રહ્યા છે તેનો વાસ્તવિક લાભ વિદ્યાર્થીઓ કે શિક્ષકોને મળી રહ્યો નથી.

# ગાંધીનગરની એનઆઈએસએમના પ્રો. લિપ્સા રાવલને ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા પીએચ.ડી.ની પદવી અપાઈ

### પ્રો. લિપ્સાએ 'ગુજરાત રાજ્યના ટૂંકી મુદતના ખેત ધિરાણ સહકારી માળખા પર વૈદ્યનાથન સમિતિની ભલામણોના અમલીકરણની અસરો' વિષય પર શોધ-નિબંધ તૈયાર કર્યો

ગાંધીનગર, તા. ૪
ગાંધીનગરની નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ કો-ઓપરેટીવ મેનેજમેન્ટમાં કામ કરતા પ્રોફેસર કુ. લિપ્સા રાવલને ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા વિદ્યાવાચસ્પતિ એટલે કે પીએચ.ડી.ની પદવી એનાયત કરવામાં આવી છે. કુ. લિપ્સાને આ પદવી તેમના શોધ નિબંધ 'ગુજરાત રાજ્યના ટૂંકી મુદતના ખેતધિરાણ સહકારી માળખા પર વૈદ્યનાથન સમિતિની ભલામણોના અમલીકરણની અસરો - એક અભ્યાસ' માટે એનાયત કરવામાં આવી છે. તેમને આ શોધ નિબંધ તૈયાર કરવા માટે ગાંધીનગર એનઆઈએસએમના ડાયરેક્ટર ડૉ. એસ.ઓ. જુનારેનું માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું.



ગુજરાત રાજ્યની સહકારી બેંક, જિલ્લા સહકારી બેંકો તેમજ પ્રાથમિક કૃષિ ધિરાણ સહકારી મંડળીઓના બનેલા ત્રિ-સ્તરીય ટૂંકી મુદતના ખેત ધિરાણ સહકારી માળખાએ દેશ તેમજ રાજ્યના ગ્રામીણ વિકાસમાં તથા ખાસ કરીને મધ્યમ, નાના અને સિમાંત ખેડૂતો ઉપરાંત ભૂમિહિન ખેત મજૂરોના આર્થિક વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપેલ છે. આ મંડળીઓએ એક શતક કરતા પણ વધુ સમયથી આ ઉદાત સામાજિક દાયીત્વને અસરકારક રીતે નિભાવ્યું છે. ગુજરાતની આસરે ૮૨૦૦ જેટલી મંડળી સહિત દેશભરમાં અત્યારે આશરે ૯૫૦૦૦ જેટલી મંડળીઓ કાર્યરત છે. પરંતુ સમય સંજોગો પ્રમાણે આમાંથી અનેક મંડળીઓની કામગીરી કાર્યક્ષમ ન રહેતા તેમના અસ્તિત્વ પર પ્રશ્નાર્થ ચિહ્ન લાગી ગયું હતું. કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૧૪માં મદ્રાસ યુનિવર્સિટીના નિવૃત્ત પ્રાધ્યાપક એ. વૈદ્યનાથનના અધ્યક્ષસ્થાને એક વિશેષ સમિતિની રચના કરાઈ હતી. જેનું કામ આ મંડળીઓના પુનરોદ્ધાર અને સશક્તિકરણ માટે સૂચનો અને ભલામણો કરવાનું હતું.

પ્રો.એ. વૈદ્યનાથન સમિતિની ભલામણો અન્વયે દેશભરની મંડળીઓ માટે સરકારે રૂ. ૧૩૫૯૬ કરોડનું રીવાઈવલ પેકેજ જાહેર કર્યું હતું. જેમાં સામેલ ગુજરાત રાજ્યની નિર્દિષ ધોરણો અનુસાર પાત્રતા ધરાવતી મંડળીઓ પર વૈદ્યનાથન સમિતિની ભલામણોના અમલીકરણની અસરો અંગે કુ. લિપ્સાએ શોધ નિબંધ તૈયાર કરવાનું ઉચિત લાગતા આ વિષય પસંદ કર્યો હતો. આ શોધ નિબંધ માટે તેમનો ગાંધીનગરના નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ કો-ઓપરેટીવ મેનેજમેન્ટના ડાયરેક્ટર ડ. એસ.ઓ. જુનારેનું માર્ગદર્શન પણ પ્રાપ્ત થયું હતું. આ શોધ નિબંધ તૈયાર કરતા સેમ્પલ સીલેકશનથી માંડીને તમામ તબક્કે સંબંધિત પાસાઓને ઝીણવટભરી રીતે આવરી લેવાનો સ્તુત્ય પ્રયાસ કુ. લિપ્સાએ કરેલ છે.

આ શોધ નિબંધ તૈયાર કરવા માટે કુ. લિપ્સાએ રાજ્યના લગભગ તમામ વિસ્તારો જેવા કે દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છને આવરી લઈને વલસાડ, ભરૂચ, અમદાવાદ, સાબરકાંઠા, રાજકોટ, અમરેલી અને કચ્છ એમ ૭ જિલ્લાઓના વિવિધ તાલુકામાં ફેલાયેલી આશરે ૪૫૦ જેટલી મંડળીઓને સેમ્પલ તરીકે પસંદ કરી તેના આર્થિક, વહીવટી અને વ્યવસાયિક જેવા તમામ પાસાઓનો અભ્યાસ આવરી લીધો હતો. આ ઉપરાંત રાજ્યની તમામ ૧૮ જિલ્લા સહકારી બેંકો તેમજ ૪૫૦ મંડળીઓના છેલ્લા ૧૦ વર્ષના ચાવીરૂપ નાણાંકીય માપદંડો પણ આ શોધ નિબંધમાં સામેલ કરાયા છે. તેમણે આ માટે ૧૦૦૦ થી વધુ વ્યક્તિઓનો સંપર્ક કર્યોહતો. તેમજ તેમને રીઝર્વ બેંક, નાબાર્ડ, રાજ્યના સહકાર ખાતા, રાજ્ય સહકારી બેંક, જિલ્લા સહકારી બેંકો તેમજ રાજ્ય સહકારી સંઘ વગેરેનો પણ સહયોગ સાંપડ્યો હતો. કુ. લિપ્સાએ આ શોધ નિબંધ માટે કરેલો તલસ્પર્શી અભ્યાસ અને તેમના અવલોકનો, સારાંશ અને સૂચનો આ ક્ષેત્રે સંકળાયેલા તમામ માટે ખૂબ ઉપયોગી પુરવાર થઈ શકે તેમ છે.

## જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયમાં શાળા પંચાયતની ચૂંટણી યોજાઈ

ગાંધીનગર, તા.૪
જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયમાં શાળા પંચાયતની ચૂંટણી યોજવામાં આવી હતી. શાળાના મંત્રીઓએ શિસ્ત, નિયમિતતાનું પાલન કરવાના શપથ લીધા હતા. શાળા પંચાયતના પ્રમુખ તરીકે ચૌધરી મેશ્વા પી. ઉપપ્રમુખ તરીકે ચૌધરી કિંજલ કે. ચૂંટાયા હતા.

## સે-૭ ચૌધરી કોલેજનું ગૌરવ

ગુજરાત યુનિવર્સિટીના તાજેતરમાં જાહેર થયેલ સેમેસ્ટર-૬ બી.એ.ના પરિણામમાં શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજની બી.એ. હોમસાયન્સ વિભાગની વિદ્યાર્થીની



કુ. અનુપા કિલ્લોલભાઈ પંડયા ૮૨ ટકા ગુણ સાથે સમગ્ર ગુજરાત યુનિવર્સિટીમાં દસમા ક્રમાંકે ઉત્તીર્ણ થયેલ છે. કોલેજના આચાર્યશ્રી, ટ્રસ્ટીગણ તેમજ કોલેજ અધ્યાપક ગણ દ્વારા તેમને ખૂબ ખૂબ અભિનંદન અને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ છે.

## ચૌધરી કન્યા વિદ્યાલયમાં મહિલા સુરક્ષા ટ્રાફિકનું માર્ગદર્શન

ગાંધીનગર, તા. ૪
શ્રી જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયમાં મહિલા સુરક્ષા અને ટ્રાફિક અંગેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી કે.મીની જોસેફ, પો.સ.ઈ. શ્રી એસ.એન. ચૌધરી, ટ્રાફિક વિભાગના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી ગામીત ઉપસ્થિત રહીને માર્ગદર્શન આપેલ હતું.

# ચારુતર વિદ્યામંડળના સીડીસીમાં જીપીએસસી તથા બેંકિંગ સેવા પરીક્ષાઓ માટેનો માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો

### સનદી સેવકો સંદર્ભે સરદાર પટેલના સ્વપ્નને સાકાર કરવાની સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલની શીખ

વલ્લભ વિદ્યાનગર, ૦૪
ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલે ગુજરાતમાંથી આ વર્ષો આઈએએસ - આઈપીએસ જેવી યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (યુપીએસસી)ની સેવામાં પસંદગી પામનારા ડૉ.પાર્થ ગોહિલ તથા ડૉ.દિવ્યાંગ પટેલને અભિનંદનસહ શુભકામના આપી હતી. પોતે ૮૦ વર્ષના હોવાથી વડીલ તરીકે શીખ આપતાં ડૉ.પટેલે કહ્યું હતું કે કાયમ ભગવાનને આગળ રાખીને સેવા કરજો. તમને ભગવાને સેવાની આવી તક આપી છે. પ્રજાની સરખી સેવા કરજો અને તમારા પગારમાંથી જ પારિવારિક જવાબદારીઓ નિભાવશો તો સુખ અને સમૃદ્ધિ કાયમ તમારી સાથે રહેશે. તેમણે કહ્યું હતું કે ભારતીય સનદી સેવાના સંસ્થાપક સરદાર વલ્લભભાઈ પટેલને અભિપ્રેત સનદી અધિકારી બની રહેજો.





સીવીએમ સંચાલિત એચ.એમ.પટેલ કૅરિયર ડૅવલપમેન્ટ સેન્ટર (સીડીસી)ના ઉપક્રમે ગુજરાત જાહેર સેવા આયોગ (જીપીએસસી) અને બૅંકિંગ સેવાની પરીક્ષાઓ માટેના નિઃશુલ્ક માર્ગદર્શન કાર્યક્રમ માટે વલ્લભ વિદ્યાનગર પધારેલા બેઉ તબીબમાંથી સનદી અધિકારી તરીકે પસંદગી પામેલા યુવા સાથીઓ અને એમનું માર્ગદર્શન કરનાર ગુજરાત સરકારના સંયુક્ત સચિવ અને સંયુક્ત નિયામક રહેલા શ્રી જશવંત એમ. આચાર્યએ સીવીએમ મુખ્યાલય ખાતે ગુજરાતના સૌથી વિશાળ શિક્ષણ સંકુલના વડા શિક્ષણમહર્ષિ ડૉ. સી.એલ.પટેલની શુભેચ્છા મુલાકાત લીધી હતી. સીવીએમના અધ્યક્ષ ઉપરાંત સીવીએમના માનદ કાર્યકારી મંત્રી ડૉ. જે.ડી.પટેલે આ પ્રસંગે ડૉ. પાર્થ ગોહિલ અને ડૉ.દિવ્યાંગ પટેલને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામના વ્યક્ત કરી હતી. આ પ્રસંગે સીડીસીના નિયામક ડૉ.હરિ દેસાઈ પણ ઉપસ્થિત હતા.

મૂળ લિંબડીના પાણશિલાના વતની અને જામનગર મૅડિકલ કૉલેજમાંથી એમબીબીએસ થયેલા ડૉ.ગોહિલ યુપીએસસીમાં લાખો સ્પર્ધકોમાંથી ૧૨૯મી રેંક અને મૂળ કઠલાલના વતની અને વડોદરાની મૅડિકલ કૉલેજમાંથી એમબીબીએસ થનારા ડૉ.પટેલ ૨૦૫મી રેંક સાથે ભારતીય સનદી સેવામાં પસંદગી પામ્યા છે.

સીવીએમના મુખ્યાલયની મુલાકાત પછી સીડીસી ભવન ખાતે યોજાયેલા માર્ગદર્શન સમારંભમાં સીવીએમના માનદ સહમંત્રી શ્રી વી. એમ. પટેલની અધ્યક્ષતામાં મુખ્ય અતિથિ શ્રી જશવંત આચાર્ય અને બેઉ યુવા સનદી અધિકારીઓ ડૉ.પાર્થ ગોહિલ અને ડૉ. દિવ્યાંગ પટેલે ખિચ્ચોખિચ ભરાયેલા સભાખંડમાં સરકારી સેવામાં જોડાવા ઉત્સુક યુવાધનને જીપીએસસી અને યુપીએસસીની પરીક્ષાઓની તૈયારી સંદર્ભે માર્ગદર્શન આપ્યું હતું.

ત્રણેય અતિથિઓનાં વ્યક્તવ્યો પછી પ્રશ્નોત્તરીનો દોર પણ ચાલ્યો હતો. અધ્યક્ષસ્થાનેથી માનદ સહમંત્રી શ્રી વી.એમ.પટેલે સીવીએમના હૂંફાળા સહયોગની ખાતરી આપી હતી.

સમારંભમાં સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલ થકી યુવાધનને યુપીએસસી અને જીપીએસસી જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે પૂરી પડાતી સુવિધાઓ અને એમની અપેક્ષાનું બયાન કરીને સીડીસીના નિયામક ડૉ.હરિ દેસાઈએ મહેમાનોને આવકાર્યા અને તેમનો પરિચય શ્રોતાગણને કરાવ્યો હતો. સીડીસીના જીપીએસસી - બૅંકિંગ સેવાની પરીક્ષા માટે રોજેરોજ અપાનારા માર્ગદર્શનમાં સેવા આપનારા વિષય નિષ્ણાતો અને અધ્યાપકોની ટીમ આ પ્રસંગે ઉપસ્થિત હતી. અતિથિત્રિપુટીએ માર્ગદર્શક-અધ્યાપકો સાથે પણ બેઠક યોજી હતી.

જીપીએસસી તથા બૅંકિંગ સેવાની પરીક્ષાઓના ચારુતર વિદ્યામંડળના આ ઉપક્રમના સંયોજક અને નલિની-અરવિંદ આર્ટ્સ કૉલેજના અધ્યાપક ડૉ.નીલેશ બારોટે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. તેમણે જાહેર કયુર્ હતું કે શનિવાર, ૫ જુલાઈથી ત્રણ મહિના માટે માર્ગદર્શન વર્ગો ચાલશે. સીવીએમ આઈએએસ ઍકેડેમીનાં શ્રીમતી નીતા પટેલ અને સૅરલિપનાં અધ્યાપિકા ડૉ.પારુલટીના દોશીએ પ્રાર્થના રજૂ કરી હતી. સીડીસીના શ્રી દિનેશ ચૌહાણે આભાર દર્શન કયુર્ હતું.

## હરિની દૃષ્ટિ...



એમના માટે ચાર પનીશમેન્ટ નક્કી કરી છે મોડા આવે ત્યારે, પહેલા નંબરનું શસ્ત્ર, એના મમ્મીને અહી લાવે ત્યારે બે નંબર, મમ્મી પપ્પા બંનેને લાવે ત્યારે ત્રણ, છેલ્લું ચાર નંબર, લીપસ્ટીકનાં ડાઘ મળે ત્યારે...!!

## ગાંધીનગરમાં રવિવારે ઘ-૪ પાસે પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગર, તા. ૪
ગાંધીનગરમાં ઘ-૪ સર્કલ, ઉદ્યોગ ભવન પાસે છેલ્લા છ મહિનાથી નિયમિત પુસ્તક પરબ દર મહિનાના પ્રથમ રવિવારે યોજવામાં આવે છે. આ મહિને સાતમી પુસ્તક પરબનો કાર્યક્રમ તા. ૬-૭-૨૦૧૪ રવિવારના રોજ સવારે ૭.૩૦ થી સવારના ૯.૩૦ કલાક સુધી યોજાનાર છે. આ પુસ્તક પરબની મુલાકાતે આવનાર વાચક-ભાવક ઉપલબ્ધ પુસ્તકો પૈકી કોઈપણ બે પુસ્તકો વિનામુલ્યે લઈ જઈ શકશે. વ્યવસ્થાના કારણોસર આ વખતે પુસ્તકદાતાઓ પાસેથી પુસ્તકો ભેટ-દાનમાં સ્વીકારવામાં આવશે નહીં, જેની પુસ્તક પરબ માટે ભેટ-દાનમાં પુસ્તક આપનાર દાતાઓએ નોંધ લેવા વિનંતી છે. સારા સાહિત્યના પ્રસાર હેતુ, માતૃભાષાના મહિમા હેતુ માતૃભાષા અભિયાન, અમદાવાદના ઉપક્રમે આ પુસ્તક પરબ યોજવામાં આવે છે. આત્મન ફાઉન્ડેશનના પ્રજ્ઞા પટેલ, કિશોર જિકાદરા, મૂળજીભાઈ પરમાર, દક્ષા ભાવસાર, સંજય થોરાટ, સુરેશ પારઘી, નિલેન્દુ વોરા, આશા સરવૈયા વગેરે સહયોગીઓ આ કાર્યમાં સહભાગી બને છે.



## જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

### વર્તમાન પ્રવાહો

૧. વર્ષ ૨૦૧૪ ઇન્ફોસિસના કયા અધ્યક્ષે રાજીનામું આપી દીધું હતું?
→ બી.જી.શ્રીનિવાસ
૨. વર્ષ ૨૦૧૪માં વિશ્વબૅંકના ઉપપ્રમુખ તરીકે કોની વરણી કરવામાં આવી છે?
→ હિરોશી નાકા
૩. વર્ષ ૨૦૧૪માં હોકી વિશ્વકપનું આયોજન કયા શહેરમાં થઇ રહ્યું છે?
→ ધહેગ (નેધરલેન્ડ)
૪. વર્ષ ૨૦૧૪માં જમીનથી હવામાં વાર કરવાવાળી કઇ પરાધ્વનિક મિસાઇલનું સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું છે?
→ 'આકાશ મિસાઇલ'
૫. તાજેતરમાં ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના મુખ્ય સચિવ તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે?
→ નૃપેન્દ્ર મિશ્રા
૬. વર્ષ ૨૦૧૪માં 'ઇન્ડિયા ટુડે'ના પ્રબંધક નિર્દેશક પદેથી કોણે તાજેતરમાં પોતાનું રાજીનામું આપી દીધું હતું?
→ દિલીપ સી. મંડલ
૭. માલતી દેવી જ્ઞાનપીઠ પુરસ્કાર ૨૦૧૪ કયા ક્ષેત્ર સાથે સંબંધ ધરાવે છે?
→ શિક્ષા
૮. વર્ષ ૨૦૧૪માં કયા જેલમાં બંધ કેદીઓના બાળકો માટે નાણાંકીય સહાય આપવા માટે યોજનાની શરૂઆત કરી છે?
→ દિલ્હી
૯. વર્ષ ૨૦૧૪માં ભારતના નવા એટર્ની જનરલપદે કોની વરણી કરવામાં આવી છે?
→ મુકુલ રોહતંગી
૧૦. વર્ષ ૨૦૧૪માં ઇન્ટરપોલના નવા અધ્યક્ષ પદે કોની પસંદગી કરવામાં આવી છે?
→ જૂએર્ગેન સ્ટોક
૧૧. વર્ષ ૨૦૧૪ ભારતના કયા રાષ્ટ્રીય ઉદ્યાનને વર્લ્ડ હેરિટેજ સાઇટમાં સામેલ કરવામાં આવ્યું છે?
→ ગ્રેટ હિમાલયન રાષ્ટ્રીય ઉદ્યાન
૧૨. વિશ્વ શાંતિ ૨૦૧૪ની જાહેર થયેલ યાદીમાં ભારતનો ક્રમ કયો છે?
→ ૧૪૩
૧૩. ફુટબોલ વિશ્વકપમાં જર્મની પછી ૧૦૦ મેચ રમી નવો રેકોર્ડ બનાવનાર બીજી કઇ ટીમ છે?
→ બ્રાઝીલ
૧૪. વર્ષ ૨૦૧૪ સંયુક્ત રાષ્ટ્ર લોકસેવા દિવસ કયારે મનાવવામાં આવ્યો હતો?
→ ૨૩ જૂન
૧૫. ૨૦ જૂન ૨૦૧૪ના રોજ સમગ્ર વિશ્વમાં કયા દિવસની ઉજવણી કરવામાં આવી હતી?
→ વિશ્વ શરણાર્થી દિવસ
૧૬. વર્ષ ૨૦૧૪માં પશ્ચિ આફ્રિકામાં કયા વાઇરસે હાહાકાર મચાવ્યો છે?
→ ઇલોવા વાઇરસ
૧૭. વર્ષ ૨૦૧૫માં પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી કયા શહેરમાં કરવામાં આવશે?
→ ગાંધીનગર
૧૮. વર્ષ ૨૦૧૪ યુનેસ્કોએ વિશ્વ ધરોહરની યાદીમાં ભારતની કઇ ઐતિહાસિક ઇમારતને સ્થાન આપવામાં આવ્યું છે?
→ રાણીની વાવ (રાણકી વાવ)
૧૯. વર્ષ ૨૦૧૪ કેન્દ્રીય ખાદ્ય મંત્રાલય દ્વારા ખાંડની આયાત કિંમતમાં કેટલા ટકાનો વધારો કરવામાં આવ્યો છે?
→ ૨૬ ટકા
૨૦. તાજેતરમાં કયા મશહુર તામિલ ફિલ્મ નિર્દેશક અને નિર્માતાનું નિધન થવા પામ્યું હતું?
→ રામનારાયણ